# જાહેરનામું

**પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/ ૫૦ /૨૦૧૮,**
**તા. ૨૫ /૧૨/૨૦૧૮**

હું, એ.કે.સિંઘ IPS,પોલીસ કમિશ્નર,અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં ખોખરા-અનુપમ રેલ્વે ઓવર બ્રીજ નવેસરથી બનાવવાની કામગીરી અંતર્ગત તા.૦૧/૦૧/૨૦૧૯ થી તા.૧૮/૦૬/૨૦૨૦ સુધી ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઇ સમસ્યા ઉદભવે નહી તે હેતુસર નીચે મુજબનો રસ્તો બંધ /ડાયવર્ઝન કરવા અંગેનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં ખોખરા-અનુપમ રેલ્વે ઓવર બ્રીજ આશરે ૫૦ વર્ષ જુનો હોઇ તથા તેનો ડીઝાઇન સમય પુરો થઇ ગયેલ હોઇ સદર બ્રીજની હાલની પરિસ્થિતીને ધ્યાને લઇ રેલ્વે ઓથોરીટી દ્વારા રેલ્વે પોર્શનમાં ૯૨ મીટર લંબાઇમાં બ્રીજ બનાવવાની કામગીરી કરવામાં આવનાર છે. જેમા હયાત અનુપમ બ્રીજ બાજુના કોલમ બીમ, સ્લેબ પ્રકારના સ્ટ્રકચર થ્રી લેન ડીસમેન્ટલ કરી 2x2 ફોર લેનનો એપ્રોચબ્રીજ, અનુપમ તરફ ૨૭૦ મીટર એપરલપાર્કના ગેટ સુધી લંબાવવા તથા ૧૩૫-મીટરની લંબાઇ તથા ૫-મીટરની પહોળાઇમાં એક વીંગ ગોમતીપુર તરફ નવેસરથી બનાવવાનું કામ શરુ કરવામાં આવનાર હોઇ સદર અનુપમ બ્રીજના પુર્વ છેડે (અક્ષાંશ-રેખાંશ : ૨૩.૦૦૭૧૮૮,૭૨.૬૦૬૮૭૭) થી પશ્ચિમ છેડા (અક્ષાંશ-રેખાંશ : ૨૩.૦૦૭૮૯૫, ૭૨.૬૦૬૮૭૭) એમ બન્ને તરફ બેરીકેડીંગ કરી તમામ પ્રકારના વાહન વ્યવહાર (ટ્રાફિક-જાહેરજનતા) માટે તા.૦૧/૦૧/૨૦૧૯ થી તા.૧૮/૦૬/૨૦૨૦ સુધી બંધ રહેશે.

**વૈકલ્પીક રૂટ :-**

**(૧)** કાંકરીયા, ગીતામંદીર, આસ્ટોડીયા, દાણીલીમડા તરફથી આવતા ટ્રાફિકે મણિનગર નાથાલાલ ઝગડા બ્રીજ તેમજ દક્ષીણી ક્રોસીંગ અથવા ૧૩૨ ફુટ રીંગ રોડ આવકાર હોલ થઇ ગુરુજી રેલ્વે ઓવર બ્રીજનો ઉપયોગ કરવાનો રહેશે. તેમજ દાણીલીમડા થઇ નારોલ નરોડા રોડનો ઉપયોગ કરવાનો રહેશે.

**(૨)** સારંગપુર ન્યુ કલોથ માર્કેટ, પાંચકુવા બજાર રિલીફ રોડ તેમજ કાલુપુર રેલ્વે સ્ટેશન તરફથી આવતા ટ્રાફિકે કાલુપુર રેલ્વે ઓવરબ્રીજ અને સારંગપુર રેલ્વે સ્ટેશન તરફથી આવતા ટ્રાફિકે કાલુપુર રેલ્વે ઓવરબ્રીજ અને સારંગપુર રેલ્વે ઓવરબ્રીજનો ઉપયોગ કરવાનો રહેશે.

**(૩)** નારોલ-નરોડા હાઇવે, એક્સપ્રેસ હાઇવે, સી.ટી.એમ., જશોદાનગર અને વટવા તરફથી આવતા ટ્રાફિકે ખોખરા નાથાલાલ ઝગડા રેલ્વે ઓવર બ્રીજ, મણિનગર દક્ષીણી રેલ્વે ક્રોસીંગ તેમજ ગુરુજી રેલ્વે ઓવરબ્રીજનો ઉપયોગ કરવાનો રહેશે.

**(૪)** ઓઢવ,નારોલ,નરોડા, સોનીની ચાલી, રખિયાલ ૧૩૨ ફુટ રીંગ રોડ તરફથી આવતા ટ્રાફિકે સારંગપુર રેલ્વે ઓવરબ્રીજ અને કાલુપુર રેલ્વે ઓવરબ્રીજનો ઉપયોગ કરવાનો રહેશે.

આ જાહેરનામાનો અમલ તા.૦૧/૦૧/૨૦૧૯ થી તા.૧૮/૦૬/૨૦૨૦ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી/કર્મચારીશ્રીઓને

આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૨૫/૧૨/૨૦૧૮ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

City Commissioner of Police * Ahmedabad *

તા.૨૫/૧૨/૨૦૧૮
અમદાવાદ શહેર

( એ.કે.સિંઘ )
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, ઘી કાંટા, અમદાવાદ શહેર.
(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ,
રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અ.મ્યુ.કો., અમદાવાદ શહેર.
(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર (૨ નકલ)
૨/- જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

**નકલ રવાના :-**

(૧) ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,સેકટર-૧ અને ૨, ટ્રાફીક તથા મુખ્ય મથક,વિશેષ શાખા, વહીવટ, અમદાવાદ શહેર
(૨) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૩) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ અમદાવાદ શહેર.
(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.
(૫) તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ........................................ અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.
(૬) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક બ્રાન્ચ,અમદાવાદ શહેર (૮ નકલ)
૨/- ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.
(૭) વિભાગીય નિયામકશ્રી, G.S.R.T.C., ગીતામંદીર, આસ્ટોડીયા દરવાજા પાસે, અમદાવાદ શહેર
(૮) જનરલ મેનેજરશ્રી,B.R.T.S.,જનમાર્ગ લિ., મધ્ય ઝોનની કચેરી, અ.મ્યુ.કો., ઉસ્માનપુરા ચાર રસ્તા પાસે, અમદાવાદ શહેર
(૯) ડાયરેકટરશ્રી, A.M.T.S., અમદાવાદ મ્યુનિ.ટ્રાન્સપોર્ટ સર્વિસ, અ.મ્યુ.કો., અમદાવાદ શહેર